# Gujarat First

https://www.gujaratfirst.com/gujarat/news/states-play-big-role-in-advancing-startup-ecosystem-minister-ashwini-vaishnav-9688

1 GUJARAT 1st
અભિગમથી અવ્વલ
ગુજરાત રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય એડિટર એંગલ ભાવિ દર્શન સ્ટાર્ટ અપ વિડીયો ગુજરાત ઈ



## સ્ટાર્ટઅપ: રાજ્યો સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને આગળ વધારવામાં મોટી ભૂમિકા ભજવે છે- મંત્રી અશ્વિની વૈષ્ણવ

સંજય જોશી, અમદાવાદ

1 day ago




ગુજરાતે શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવી

Twitter Facebook Email Whatsapp Linkedin Copy link

કેન્દ્રીય રેલવે, સંચાર અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે ઈડીઆઈઆઈમાં યુનિવર્સિટીઓ અને ઈન્ક્યુબેશન સેન્ટર્સમાંથી આશાસ્પદ સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો તથા નવા ઉદ્યોગસાહસિકો માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવવામાં તેમજ બેસ્ટ પરફોર્મર સ્ટેટ તરીકે જાહેર થવા બદલ ગુજરાત રાજ્યને અભિનંદન આપ્યા હતા.

કેન્દ્રીય રેલવે મંત્રી, સંચાર અને ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના પ્રિન્સિપલ સેક્રેટરી એસ જે હૈદર અને ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણના હાઈ કમિશનર, આઈએએસ નાગરાજન સાથે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)માં યુનિવર્સિટીઓ અને ઈન્ક્યુબેશન સેન્ટર્સમાંથી આશાસ્પદ સ્ટાર્ટઅપ્સ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. અશ્વિની વૈષ્ણવે નવા ઉદ્યોગ સાહસિકો માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવવામાં બેસ્ટ પરફોરમન્સ સ્ટેટ તરીકે બહાર આવવા બદલ ગુજરાત રાજ્યને અભિનંદન આપ્યાં હતાં.

તેમણે રાજ્ય સરકારના સ્ટાર્ટઅપ્સ માટેની પહેલની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, "સરકારે 'ડિજિટલ ઈન્ડિયા', 'મેડ ઈન ઈન્ડિયા', 'મેક ઈન ઈન્ડિયા', 'સ્ટેન્ડઅપ ઈન ઈન્ડિયા' અને આ પ્રકારની ઘણી સર્વ સમાવેશક નીતિઓ પ્રસ્તુત કરી છે, જેણે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને વેગ આપ્યો છે. રાજ્યો સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ને આગળ વધારવામાં મોટી ભૂમિકા ભજવે છે અને ગુજરાતે સફળ સ્ટાર્ટઅપ્સ વિકસાવીને, કોર્પોરેટ વહીવટ વધારીને, કામગીરીનું વિસ્તરણ કરીને, ફંડિંગ ગેપ્સ દૂર કરીને અને મજબૂત બ્રાન્ડ સ્થાપિત કરવા પર ભાર મૂકીને શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ વિકસાવી હતી."

પોસ્ટલ ડિપાર્ટમેન્ટમાં પણ સ્ટાર્ટઅપ્સ સાથે જોડવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. ઉપરાંત દેશમાં 370 સ્ટેશનનુ રીડેવલપમેન્ટ નું આયોજન છે. જેમાંથી ગુજરાતમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, સોમનાથ દેશના સૌથી મોટા શહેરોના સ્ટેશનોનું પુનઃ નિર્માણનો ટાર્ગેટ છે. ઈનસેન્ટિવ સેમિકન્ડક્ટર સ્કીમમાં ડિઝાઈન લેડ, ટેલિકોમ લેડ મેન્યુફેક્ચરિંગ માં છે. બુલેટ ટ્રેન બાબતે તેમણે જણાવ્યુ કે બુલેટ ટ્રેન માટે હાલ 70 કિલોમીટર પિલર્સ બની ચુક્યા છે. મહારાષ્ટ્ર માં પહેલાની સરકાર હતી તેના કારણે પ્રોબ્લેમ આવતા હતા હવે ત્યાં સરકાર બદલાઈ છે હવે કામ આગળ વધશે. આજથી 10 વર્ષ પહેલાની વાત કરીએ તો સ્ટાર્ટઅપ્સ જેવી કોઈ વાત ન હતી એ સમયે માંડ 3 થી 4 સ્ટાર્ટઅપ્સ હતા આજે 73 હજાર સ્ટાર્ટઅપ્સ છે.

ઉદ્યોગસાહસિકતાની ભૂમિકા પર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "આ આપણા બધા ગર્વની વાત છે કે, ગુજરાત નવા ઈનોવેટર્સ અને ઉદ્યોગસાહસિકો માટે મજબૂત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવામાં બેસ્ટ પર્ફોર્મિંગ સ્ટેટ તરીકે બહાર આવ્યું છે. ભારતમાં પુષ્કળ તકો છે અને અત્યારે યુવાનોએ આ તક ઝડપવી જોઈએ.

ઈડીઆઈઆઈ દ્વારા સ્ટાર્ટઅપ પ્રદર્શનનું આયોજન પણ કર્યું છે, જેમાં વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ અને ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર, સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોચિંગ એન્ટરપ્રાઈઝીસ (ક્રેડલ)માં ઈન્ક્યુબેટ થયેલા સ્ટાર્ટઅપ્સના વિચારો અને નવીન કામગીરીને દર્શાવવામાં આવી છે. સહભાગીઓએ સરકારી યોજનાઓમાંથી નાણાકીય સહાય માટેની, તેમના વિચારો રજૂ કરવાની અને ઉદ્યોગસાહસિકતા વિશે શીખવાની તકોની ચર્ચા કરી હતી.

ઈડીઆઈઆઈ દ્વારા સ્ટાર્ટઅપ પ્રદર્શનનું આયોજન પણ કર્યું છે, જેમાં વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ અને ટેકનોલોજી બિઝનેસ ઈન્ક્યુબેટર, સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝીસ (ક્રેડલ)માં ઈન્ક્યુબેટ થયેલા સ્ટાર્ટઅપ્સના વિચારો અને નવીન કામગીરીને દર્શાવવામાં આવી છે. સહભાગીઓએ સરકારી યોજનાઓમાંથી નાણાકીય સહાય માટેની, તેમના વિચારો રજૂ કરવાની અને ઉદ્યોગસાહસિકતા વિશે શીખવાની તકોની ચર્ચા કરી હતી.

**વિવિધ ક્ષેત્રોમાંથી સન્માનિત 5 વિકસતા સ્ટાર્ટઅપ્સ**

**IOTA ડિઝાઈન એન્ડ ઈનોવેશન્સ લેબ પ્રાઈવેટ લિમિટેડ (બાયોટેક)**

IOTA ડિઝાઈન એન્ડ ઈનોવેશન્સ લેબ પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય માટે હેલ્થકેર/ફાર્માસ્યુટિકલ્સ, પર્યાવરણ અને અક્ષય ઊર્જાના વિઝન સાથે થઈ છે. IOTA બ્લડ માઈક્રો સેમ્પ્લિંગ ડિવાઈઝ અને સ્કીન ટિશ્યૂ માટે મલ્ટિસ્કેલ સ્કાફોલ્ડ પર કામ કરે છે, જેનું વિઝન દરેક માટે વાજબી અને સુલભ હેલ્થકેર સોલ્યુશન વિકસાવવાનું છે.

**નીરેઈન પ્રાઈવેટ લિમિટેડ (રેઈનવોટર હાર્વેસ્ટિંગ)**

નીરેઈન ગુજરાત સરકારનું પીઠબળ ધરાવતું, ભારત સરકારની માન્યતાપ્રાપ્ત સ્ટાર્ટઅપ છે, જેને આઈ-હબ અને ક્રેડલનું પ્રોત્સાહન પ્રાપ્ત છે. આ સામાન્ય નાગરિક માટે પાણીનો સંચય કરે છે. 2000+ ઈન્સ્ટોલેશન સાથે નીરેઈનએ સમગ્ર ભારત, એશિયા, આફ્રિકા અને અમેરિકામાં બે વર્ષમાં 100+ ઘરોમાં 30 કરોડ લિટર પાણીની બચત કરી છે. નીરેઈનનો ઉદ્દેશ આપણા ઘરોને તેમના સંકુલોમાં વરસાદના પાણીનો સંચય કરવા સરળ, અસરકારક અને વાજબી ઉત્પાદનો પ્રદાન કરવા સક્ષમ બનાવવાનો છે.

**D3S હેલ્થકેર ટેકનોલોજીસ (હેલ્થકેર | મેડિકલ ડિવાઈઝ)**

D3S હેલ્થકેર ટેકનોલોજીસ સ્તન કેન્સરનું નિદાન કરવા સારાં ઉત્પાદનો, સેવાઓ અને સલાહ, અપવાદરૂપ સેવા અને સકારાત્મક ટીમ જુસ્સાને લઈને ઉત્સાહી છે. એનો મંત્ર છે – લાખો લોકોનું જીવન બચાવવા એક અબજ લોકોનું પરીક્ષણ કરવું. બીઆર-સ્કેન લાઈટ ડિવાઈઝ મહિલાઓ માટે એક પ્રકારનું નવું હેલ્થ અને વેલબીઈંગ પ્રોડક્ટ્સ પૈકીની એક છે. આ ઘરે સ્તન કેન્સર અને સ્તનમાં ચોક્કસ પ્રકારની અસામાન્યતાનું નિદાન કરવા માટે વિશિષ્ટ સંશોધનો પૈકીનું એક છે.

**ફ્રીડમ વ્હીલ્સ એન્ટરપ્રાઈઝીસ ('દિવ્યાંગ' માટે સ્વતંત્ર મોબિલિટી સોલ્યુશન)**

ભારતની સૌથી વાજબી મોટરાઈઝ વ્હિલચેર, જેમાં દિવ્યાંગ/લોકોમોટર દિવ્યાંગ/દિવ્યાંગ વ્યક્તિ/શારીરિક પડકાર ધરાવતા લોકો, સારસંભાળ અને પુનર્વસનની જરૂરિયાત ધરાવતા નાગરિકોના જૂથ માટે સમગ્ર ભારતમાં વોરન્ટી, પાર્ટ્સ અને સર્વિસ સપોર્ટ સામેલ છે.

વરસાદના પાણીનો સંચય કરવા સરળ, અસરકારક અને વાજબી ઉત્પાદનો પ્રદાન કરવા સક્ષમ બનાવવાનો છે.

**D3S હેલ્થકેર ટેકનોલોજીસ (હેલ્થકેર | મેડિકલ ડિવાઇઝ)**

D3S હેલ્થકેર ટેકનોલોજીસ સ્તન કેન્સરનું નિદાન કરવા સારાં ઉત્પાદનો, સેવાઓ અને સલાહ, અપવાદરૂપ સેવા અને સકારાત્મક ટીમ જુસ્સાને લઈને ઉત્સાહી છે. એનો મંત્ર છે – લાખો લોકોનું જીવન બચાવવા એક અબજ લોકોનું પરીક્ષણ કરવું. બીઆર-સ્કેન લાઇટ ડિવાઇઝ મહિલાઓ માટે એક પ્રકારનું નવું હેલ્થ અને વેલબીઇંગ પ્રોડક્ટ્સ પૈકીની એક છે. આ ઘરે સ્તન કેન્સર અને સ્તનમાં ચોક્કસ પ્રકારની અસામાન્યતાનું નિદાન કરવા માટે વિશિષ્ટ સંશોધનો પૈકીનું એક છે.

**ફ્રીડમ વ્હીલ્સ એન્ટરપ્રાઇઝીસ ('દિવ્યાંગ' માટે સ્વતંત્ર મોબિલિટી સોલ્યુશન)**

ભારતની સૌથી વાજબી મોટરાઇઝ વ્હિલચેર, જેમાં દિવ્યાંગ/લોકોમોટર દિવ્યાંગ/દિવ્યાંગ વ્યક્તિ/શારીરિક પડકાર ધરાવતા લોકો, સારસંભાળ અને પુનર્વસનની જરૂરિયાત ધરાવતા નાગરિકોના જૂથ માટે સમગ્ર ભારતમાં વોરન્ટી, પાર્ટ્સ અને સર્વિસ સપોર્ટ સામેલ છે.

**ઇવી ઇન્ડિયા [ઇવી (ઓટોમોટિવ)]**

ઇવી ઇન્ડિયા ઇન્ફ્લુએન્સર-આધારિત (ઇવીના માલિકો), સમુદાય-સંચાલિત, સામાજિક-વાણિજ્યિક પ્લેટફોર્મ છે. ફિઝિકલ માર્કેટપ્લેસ સાથે સંયુક્તપણે મોડલ ઇવીના સંભવિત ગ્રાહકોને સંશોધન અને ખરીદીનો સંપૂર્ણ અને વિશિષ્ટ અનુભવ આપે છે. અમે ઇવી માલિકોના અમારા સમુદાયને ઇવીની માલિકીની ખરીદીનો કોઈ પણ પ્રકારના સમાધાન કર્યા વિના અનુભવ આપવા કામ કરીએ છીએ.

આ પણ વાંચો - 'લાઇન' થી ઓનલાઇન, 'ક્યુ' થી 'ક્યુઆર' સુધી પહોંચ્યું ઇન્ડિયા

Ashwini Vaishnav | EDDDI | Gujarat | Starts up | Digital India week